Extra No. 90

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14 /2012-2014
Annual Subscription Rate ₹ 4000/-

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXII] WEDNESDAY, MARCH 3, 2021 / PHALGUNA 12, 1942

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વિષય : ચૂંટણી ફરજ માટે નિમાયેલા ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ ખાસ ઝોનલ અધિકારીશ્રીઓ, રીઝર્વ ઝોનલ અધિકારીશ્રીઓ અને મદદનીશ ઝોનલ અધિકારીશ્રીઓને ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ સત્તાઓ આપવા બાબત

વંચાણમાં લીધા :

(૧) ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૧

(૨) સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીજી/૭૬/સીઆરપીસી/૩૧૧૨/૫૯૩/મ, તા.૧૮/૧૦/૨૦૧૨

(૩) સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીજી-સીઆરસી-૩૨૯૯-૪૯૪૪-મ, તા.૨૨/૯/૨૦૦૦.

હુકમ

નંબર પીઓએલ/૨/વશી/૧૩૬૯/૨૧.–વંચાણે લીધા આમુખ-(૧) થી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૨૧ની ખાસ વિસ્તાર માટે અથવા ખાસ કાર્યો બજાવવા માટે યોગ્ય લાગે તેટલી મુદત માટે ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટના અધિકાર આપવાની જોગવાઈ થયેલ છે.

આ બાબતે સરકારશ્રીના ગૃહ વિભાગના વંચાણે લીધેલ આમુખ-(૨) તથા (૩) ના જાહેરનામાથી રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો અને નગરપાલીકાઓ જેવી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી જાહેર થાય ત્યારે જાહેરનામાની તારીખથી મેજિસ્ટ્રીયલ પાવર્સ ધરાવતા ન હોય તેવા તમામ ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીઓ તરીકે નિમાયેલ અધિકારીશ્રીઓ/કર્મચારીઓને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા તેમની જે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૧ હેઠળ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના તથા આ અધિનિયમની કલમ-૪૪, ૧૦૩, ૧૦૪, ૧૨૯ તથા ૧૪૪ના અધિકાર ચૂંટણી જાહેર થયા તારીખથી ચૂંટણી પૂર્ણ થતા સુધીના સમયગાળા માટે ભોગવશે. આ અધિકારીશ્રીઓને કયા વિસ્તાર અને સમયગાળા માટે નિમણૂંક આપવી, તે અંગેનો નિર્ણય જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓએ કરવાનો રહેશે તેવું ઠરાવેલ છે.

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા તાલુકા પંચાયત જિલ્લા પંચાયત તથા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તથા પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી કાર્યક્રમ તા. ૨૩-૦૧-૨૦૨૧થી જાહેર થયેલ છે. તે મુજબ આણંદ જિલ્લા પંચાયત આણંદ જિલ્લામાં સમાવિષ્ટ ૮ (આઠ) તાલુકા પંચાયતો (આણંદ, બોરસદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા) તથા ૬ (છ) નગરપાલિકાઓ (આણંદ, બોરસદ, ખંભાત, તારાપુર, આંકલાવ, સોજીત્રા)ની સામાન્ય ચૂંટણી તેમજ કરમસદ નગરપાલિકાની વોર્ડ નં. ૧ની પેટા ચૂંટણીનું મતદાન તા.૨૮/૨/૨૦૨૧ના રોજ યોજાનાર છે. અને તેની મતગણતરી તા.૨/૩/૨૦૨૧ના રોજ થનાર છે. જે અંતર્ગત સંબંધિત મત વિસ્તાર માટે ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ ખાસ ઝોનલ અધિકારીશ્રીઓ, રીઝર્વ ઝોનલ અધિકારીશ્રીઓ અને મદદનીશ ઝોનલ અધિકારીશ્રીઓની નિમણૂંક કરવામાં આવેલ છે. તેઓને ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટના અધિકારો આપવા હુકમ કરવો જરૂરી છે.

સબબ હું, આર. જી. ગોહિલ (આઈએએસ), જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ, ઉપરોક્ત વંચાણે લીધેલ આમુખ-(૧) તથા (૨)ની જોગવાઈ હેઠળ આણંદ જિલ્લામાં મતદાન વિસ્તારોમાં નિમણૂંક પામેલ ચૂંટણી અદિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ ખાસ ઝોનલ અધિકારીશ્રીઓ, રીઝર્વ ઝોનલ અધિકારીશ્રીઓ અને મદદનીશ ઝોનલ અધિકારીશ્રીઓ અને મદદનીશ ઝોનલ અધિકારીશ્રીઓને ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના અધિનિયમની કલમ-૪૪, ૧૦૩, ૧૦૪, ૧૨૯

તથા ૧૪૪ના અધિકારો ભોગવવા માટેના અધિકારો આપવામાં આવે છે.

હવે પછી ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ ખાસ ઝોનલ અધિકારીશ્રીઓ, રીઝર્વ ઝોનલ અધિકારીશ્રીઓ અને મદદનીશ ઝોનલ અધિકારીશ્રીની નિમણૂંકોમાં ફેરબદલી સુધારા થાય તો તે બદલીથી આવનાર અધિકારીશ્રીઓને પણ આ હુકમ આપોઆપ લાગુ પડશે.

ઉક્ત હુકમ ચૂંટણી પૂર્ણ થાય ત્યાં સુધી એટલે કે, તા.૩/૩/૨૦૨૧ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

આર. જી. ગોહિલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

વંચાણે લીધા :-

(૧) ભારત સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામાં ક્રમાંકઃ 40-3/2020-DM-I (A), તા.૨૯-૦૮-૨૦૨૦.

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંકઃ જીપી-૯/એનસીવી/૧૦૨૦૨૦/એસએફ.૧/જી, તા. ૧૩-૦૩-૨૦૨૦.

(૩) ગુજરાત સરકારના ગૃહ વિભાગ, ગાંધીનગરના તા. ૩૧-૧૨-૨૦૨૦ના જાહેરનામા નં. જીજી/૮૫/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨.

(૪) ગુજરાત સરકારના ગૃહ વિભાગ, ગાંધીનગરના તા. ૩૦-૦૧-૨૦૨૧ના જાહેરનામા નં. વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨.

(૫) અત્રેના તા. ૩૦/૦૧/૨૦૨૧ના હુકમ નં. પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૫/૨૦૨૧.

(૬) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, આણંદના પત્ર નં. આરો/કોવીડ/કન્ટેઈન્મેન્ટ ઝોન/વશી/૫૦/૨૦૨૧, તા. ૨૬/૦૨/૨૦૨૧.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪, ગુજરાત પોલીસ એકટની કલમ-૩૭(૪),૪૩, ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૪ તથા ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન-૨૦૨૦ મુજબનું.

નં. પીઓએલ/૧/જાહેરનામા/એસ.આર./૪/૨૦૨૧.–હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ COVID-19 ઝડપી સંક્રમણને ધ્યાને લેતા તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ આમુખ-(૨)ની વિગતે જાહેરનામથી સુચના બહાર પાડવામાં આવેલ છે. વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલારીપે લોકોની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવાની જરૂર જણાય છે.

જેથી, હું, આર. જી. ગોહિલ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, આણંદ મને મળેલ સત્તાની રૂએ ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ ધી ગુજરાત એપેડેમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ની કલમ-૨ અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ની કલમ-૩૦ તથા ૩૪ હેઠળ ફરમાવું છું કે,

નીચે જણાવેલ વિસ્તારોને COVID-19 ના Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરવામાં આવે છે.

ક્રમ	Containment Area (નિયંત્રિત વિસ્તાર)
૧	(૧) આણંદ તાલુકા અંતર્ગત આવતો નીચે મુજબનો વિસ્તાર: ➢ આણંદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ (૧) નહેરૂબાગ સી. પી. કોલેજ (કુલ-૭ મકાન)નો વિસ્તાર (૨) અભિષેક-૩૧ (કુલ-૫ મકાન)નો વિસ્તાર (૩) તુલીપ વૃન્દ (કુલ-૬ મકાન)નો વિસ્તાર (૪) ગાંધી ચોક (કુલ-૯ મકાન)નો વિસ્તાર (૫) શાંતિનગર સોસાયટી (કુલ-૧ મકાન)નો વિસ્તાર ➢ કરમસદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ (૧) ગૌરવ એપાર્ટમેન્ટ, કરમસદ (કુલ-૧ મકાન)નો વિસ્તાર (૨) કૃષ્ણ હાઉસીંગ, કરસમસદ (કુલ-૧ મકાન)નો વિસ્તાર ➢ ઓડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મલાવ તળાવની પેડ, ઓડ (કુલ-૧ મકાન)નો વિસ્તાર ➢ વાસદ ગ્રામ પંચાયત હદ વિસ્તારમાં આવેલ સુંદરવન સોસાયટી, વાસદ (કુલ-૩૫ મકાન)નો વિસ્તાર

ઉક્ત વિસ્તારમાં માત્ર આવશ્યક સેવાઓ જ ચાલુ રાખી શકાશે. તેમજ સરકારશ્રીની વખતો વખતની તમામ સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

અમલવારીનો સમયગાળો

આ હુકમ તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૧ થી અન્ય હુકમ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

અપવાદ

(૧) સરકારી ફરજ પરની વ્યક્તિઓ ફરજના ભાગરૂપે અવર-જવર કરી શકાશે.

(૨) માન. રાજ્ય ચૂંટણી આયોગની ગાઈડલાઈન્સ અનુસાર સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ઉપરોક્ત તમામ સિરના વ્યક્તિઓ કોવિડ-૧૯ની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરીને નિયમોનુસાર તા.૨૮/૨/૨૦૨૧ના રોજ મતદાન મથકે મત આપવા જઈ શકશે.

સજા

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે આણંદ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રીથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂદ્ધ આઈ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

આર. જી. ગોહિલ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
આણંદ.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 086.